**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot**
104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.:
Date: 13/02/2017

# પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૭ થી જી.પી.એસ.સી. ક્લાસ – ૧ અને ૨ નાં કોચીંગ વર્ગોનું આયોજન...

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે સતત માર્ગદર્શક કાર્યશાળાઓ અને ૩૦ થી ૩૦૦ કલાકનાં વિવિધ તાલીમવર્ગોનું આયોજન થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં આ પ્રકલ્પને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારનાં અનેક વિદ્યાર્થીઓની મહેનત, સી.સી.ડી.સી.ના તજજ્ઞોનું સચોટ માર્ગદર્શન, ઉચ્ચ ગુણવતાયુક્ત વાંચનાલયની સુવિધા અને સી.સી.ડી.સી.નાં સ્ટાફની રાઉન્ડ ધી ક્લોક સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની છણાવટનાં કારણે ઉત્તરોઉત્તર વિદ્યાર્થીઓ મારફત સફળતાનાં સીમાચીહ્નોનાં નોંધવાય રહ્યાં છે. યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, કુલસચિવશ્રી ડૉ. ધીરેનભાઈ પંડયા અને સિન્ડીકેટ સદસ્યોનાં સતત પ્રોત્સાહન વર્ધક પ્રયત્નોનાં કારણે "ટીમ સી.સી.ડી.સી." ઉત્સાહપૂર્વક વિવિધ આયોજન મારફત યુવાવર્ગને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તૈયાર કરી રહી છે. હાલમાં **જી.પી.એસ.સી. ક્લાસ – ૧ અને ૨** ની ભરતી કરવામાં આવનાર છે. ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી. દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી–૨૦૧૭ મંગળવારથી તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેનાં અભ્યાસક્રમ જનરલ સ્ટડીઝના વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૨૫–૦૨–૨૦૧૭ સુધીમાં ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રેજયુએશન માર્કશીટ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. આ તાલીમ વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

for. Sumit

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)